ગાંધીનગર સમાચાર , પાના નંબર :- ૦૬

તારીખ :- ૨૫|૦૫|૨૦૨૬

### પ્રધાનમંત્રી મોદીની અપીલ બાદ તંત્ર એક્શનમાં

# મેટ્રો ટ્રેન મોડી રાત સુધી દોડાવવા વિચારણા : મેટ્રોના સમયમાં વધારાની શક્યતા

**વડાપ્રધાનની અપીલ પહેલાની સ્થિતિ અને અપીલ પછીના ટ્રાન્સપોર્ટ ઉપયોગની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવશે**

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પબ્લિક ટ્રાન્સપોર્ટના મહત્તમ ઉપયોગ માટે કરવામાં આવેલી અપીલ બાદ હવે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન હરકતમાં આવ્યું છે. મુંબઈ મેટ્રોની માફક શું ગુજરાતમાં પણ મેટ્રો મોડી રાત સુધી દોડશે? આ પ્રશ્નનો જવાબ હવે સકારાત્મક મળી રહ્યો છે.

સંજય ગુપ્તાએ જણાવ્યું હતું કે, મેટ્રો એક આરામદાયક અને સુરક્ષિત પરિવહનનો વિકલ્પ છે અને લોકો તેનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યા છે. પ્રધાનમંત્રી મોદીની અપીલ દેશના હિતમાં છે અને તેનાથી ઈંધણની બચત થશે. હાલમાં મેટ્રો તંત્ર દ્વારા લોકોની પરિવહન પેટર્ન પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનની અપીલ પહેલાની સ્થિતિ અને અપીલ પછીના ટ્રાન્સપોર્ટ ઉપયોગની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવશે.

આગામી એક માસ દરમિયાન મેટ્રોના ઉપયોગના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવશે. જો રાત્રિના સમયે મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જણાશે, તો મેટ્રો બોર્ડ દ્વારા સમય લંબાવવા અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. વધુમાં તેમણે ઉમેર્યું કે, વર્ક ફ્રોમ હોમ અને પબ્લિક ટ્રાન્સપોર્ટના સંતુલનથી પેટ્રોલ-ડીઝલની સાથે વીજળીની પણ મોટી બચત થઈ શકે તેમ છે. આ આંકલન બાદ અમદાવાદીઓને મોડી રાત સુધી મેટ્રોની સુવિધા મળવાની શક્યતાઓ પ્રબળ બની છે.